# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૦૨/૨૦૧૫

તા.૨૨/૧૧/૨૦૧૫ ના રોજ અમદાવાદ મહાનગર પાલિકા તેમજ તા.૨૯/૧૧/૨૦૧૫ ના રોજ તાલુકા તથા જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી-૨૦૧૫નું મતદાન થયેલ. જેની મત ગણતરી તા.૦૨/૧૨/૨૦૧૫ ના રોજ અમદાવાદ એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ કેમ્પસ તથા ગુજરાત કોલેજ કેમ્પસ ખાતે થનાર છે. આ મતગણતરી શાંતીપુર્ણ રીતે અને સુમેળ ભર્યા વાતાવરણમાં પુર્ણ થાય તેમજ જાહેર સલામતીં, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ વિજાણું સાધનો લઈ જઇ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૨) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ વાહનો લઇ જઇ શકશે નહી અથવા પાર્ક પણ કરી શકશે નહી. વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ બાકસ(માચીસ), લાઇટર, ગેસ લાઇટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે, ચીજ વસ્તુઓ લઇ જઇ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુક્મનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

<u>આ હુકમમાં નીચેના અપવાદ છે.</u>

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મત ગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન સેલ્યુલર/મોબાઈલફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચુટણીપંચે નીમેલા નિરીક્ષકો અને મત ગણતરીની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

**આ હુકમ તારીખ તા.૦૨.૧૨.૨૦૧૫ ના કલાક ૦૦.૦૦ થી મત ગણતરી પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇ થી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આજ તારીખ ૧ માહે ડિસેમ્બર સને ૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.